ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



એરોન એસ ક્રિશ્ચિયન(બીટ્ટુ)



પ્રાચી વિક્રાંત પંડ્યા
ફોન : ૨૩૨૩૦૯૯૫




ધ્રૂવી રશ્મિકાંત પટેલ
મો. ૯૯૨૫૪ ૭૦૧૧૬



નીલય પ્રીતેશકુમાર દરજી
મો. ૯૯૨૫૪ ૭૦૧૧૬



ડાહીબેન જયંતીલાલ શ્રીમાળી
મો. ૯૧૫૭૭ ૫૬૧૧૧



કીર્તિ હાજીપુરા
મો. ૮૪૮૫૯ ૮૪૧૨૬

## હેલ્લો ફાઉન્ડેશન દ્વારા ૧૪મીએ રક્તદાન શિબિર

ગાંધીનગર, તા. ૧૧

યુવાઓના માધ્યમથી સમાજસેવાની પ્રવૃત્તિ કરતી ગાંધીનગરની સંસ્થા હૅલ્લો ફાઉન્ડેશન દ્વારા આગામી તા. ૧૪ જૂનના રોજ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

સંસ્થા દ્વારા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે તા. ૧૪ જૂનના બ્લડ ડૉનર ડે નિમિત્તે સંસ્થા દ્વારા ૪ડી મૉલ, મોટેરા ખાતે સવારે ૯થી બપોરના ૩ કલાક દરમ્યાન આ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. સૌ સેવાભાવી નાગરિકોને આ પ્રસંગે ઉપસ્થિત રહી રક્તદાન કરવા તેમણે ભાવભરી અપીલ કરી છે.

# જૈન સોશ્યલ ગૃપના જન્મદિવસની ઉજવણી આજે ટાઉનહૉલમાં કરાશે

## માઈનોરિટી અવેરનેસ અંગે જાણકારી આપતું વક્તવ્ય નિરંજન ઝુવા દ્વારા આપવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૧

જૈન સોશ્યલ ગૃપ, ભારતીય જૈન સંગઠન દ્વારા ગૃપના જન્મદિવસની ઉજવણી તથા માઈનોરિટી અવેરનેસની જાણકારી આપતા એક કાર્યક્રમનું આયોજન રવિવારે કરવામાં આવ્યું છે.

આ સમગ્ર કાર્યક્રમ અંગેની માહિતી આપતાં સંસ્થાના પ્રમુખ આર ડી ગાંધીએ જણાવ્યું છે કે ગુજરાત રાજ્ય દ્વારા તાજેતરમાં જૈન સમાજને લઘુમતિનો દરજ્જો આપવામાં આવ્યો છે.

રાજ્ય સરકારના આ નિર્ણયથી જૈન પરિવારો, જૈન સમાજ અને જૈન ટ્રસ્ટોને શું લાભ થાય તેની વિગતવાર સમજણ આપવા માટે આ માટેના વિષય નિષ્ણાત, ભારતીય જૈન સંગઠન એક્ઝિક્યુટિવ કાઉન્સીલ મૅમ્બર નિરંજન ઝુવાનું એક પ્રવચન ભારતીય જૈન સંગઠન ગાંધીનગર શાખા દ્વારા ૧૨ જૂન, રવિવારના રોજ સવારે ૯.૩૦ થી ૧૧.૦૦ દરમ્યાન ટાઉનહૉલ, ગાંધીનગર ખાતે જૈન સોશ્યલ ગૃપ, ગાંધીનગરના સહયોગથી યોજવામાં આવ્યું છે. આ પ્રસંગે સમારોહના અધ્યક્ષ ભારતીય જૈન સંગઠનના ઉપાધ્યક્ષ સુરેશભાઈ કોઠારી પણ ઉપસ્થિત રહેશે, એમ તેમણે વધુમાં જણાવ્યું છે.

# નવા કોબા પ્રાથમિક શાળા ખાતે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો



ગુજરાત સરકાર તરફથી નવા કોબા પ્રાથમિક શાળામાં ગુરુવારે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આયોજિત સમારોહના મુખ્ય મહેમાન તરીકે સાવી કન્સ્ટ્રક્શન, અમદાવાદના જક્ષયભાઈ શાહ, અતિથિ વિશેષ તરીકે અહિંસા પ્લાસ્ટીક ઈન્ડસ્ટ્રીઝ, અમદાવાદના આશુતોષ ગાંધી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનાં પ્રાચાર્ય ઊર્મિલાબેન પંચાલ ઉપસ્થિત રહ્યાં હતાં. આચાર્ય હસમુખભાઈ પ્રજાપતિ અને ગ્રામ પંચાયતના સરપંચ યોગેશભાઈ બી નાયીએ શિક્ષકો અને ગ્રામજનોના સહકારથી આ કાર્યક્રમને સફળતા બક્ષી હતી.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
હાઉસફૂલ ૩
૧.૦૦, ૪.૦૦,
૭.૦૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૨**
ટીન
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૯.૪૫

**સ્ક્રીન-૩**
વૉરક્રાફ્ટ (૩ડી અંગ્રેજી)
૨.૩૦, ૭.૩૦
વૉરક્રાફ્ટ (૩ડી હિન્દી)
૫.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
હાઉસફૂલ-૩
૧૦.૦૦
દો લફ્ઝોં કી કહાની
૧૨.૪૫, ૩.૪૫,
૬.૪૫, ૯.૪૫

# અમીયાપુરમાં શાળા પ્રવેશોત્સવ ઉજવાયો બાળકોને હાથ ભરીને ભેટો પ્રાપ્ત થઈ

ગાંધીનગર, તા. ૧૧

અમિયાપુર ગામે પ્રાથમિક શાળામાં તૃતિય દિને શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજવામાં આવ્યો હતો. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્ય ઊર્મિલાબેન પંચાલ, ગાંધીનગર જિલ્લા પંચાયતના ચૅરમૅન ઘનશ્યામભાઈ પટેલ, સરપંચ કમુબેન માણેકજી ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા. આંગણવાડી અને ધોરણ-૧નાં બાળકોને ઉત્સાહભેર શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.

ઉત્સાહ વધારવા માટે ઘનશ્યામભાઈ પટેલ તરફથી આંગણવાડી કીટ, માણેકજી ઠાકોર તરફથી નોટબૂક, ચોપડા, કંપાસ, કાળાજી મંગાજી તરફથી નાસ્તો, કનુજી ઠાકોર તરફથી ચોકલેટ, ગાભાજી રોથરજી ઠાકોર તરફથી વસ્તુઓ ભેટ આપવામાં આવી હતી. મેરૂધામ જૈન તીર્થ દ્વારા ધોરણ-૧નાં બાળકો માટે ગણવેશ તેમજ અમિયાપુર દૂધ મંડળી તરફથી સ્કૂલબૅગની ભેટ આપવામાં આવી હતી. બાળકોને ગ્રામજનો તરફથી આશીર્વાદ આપવામાં આવ્યા હતા.

### કૉલેજના ભણતરમાંય ભાર વધ્યો

# બીકોમ, બીબીએ, બીસીએમાં ૩૫% સુધી ફી વધારો

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન વિવિધ બીકોમ, બીબીએ કોલેજોમાં ફી વધારો કરવામાં આવ્યો છે. જેમાં શહેરી વિસ્તારમાં આવેલી કોમર્સ કોલેજોની ફીમાં ૩૫ ટકા જેટલો વધારો કરવામાં આવ્યો છે. જ્યારે ગ્રામ્યની કોમર્સ કોલેજોની ફીમાં ૨૦ ટકાનો વધારો કરાયો હોવાના સમાચાર પ્રાપ્ત થયા છે.

જ્યારે બીસીએ કોલેજોમાં ૨૦ ટકા જેટલો વધારો કરવામાં આવ્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં આવેલી BBA કોલેજમાં યુનિવર્સિટી દ્વારા ૧૫ ટકા જેટલો જ્યારે શહેરી વિસ્તારમાં આવેલી BBA કોલેજમાં ૩૦ ટકા જેટલો વધારો કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. યુનિવર્સિટી દ્વારા કોલેજોની સુવિધા અને સ્ટાફની વિગતોની ચકાસણી કરી ફી વધારો કર્યો હોવાના સમાચાર વહેતા થયા છે. ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન B.COMની ૧૫ કોલેજો, BCAની ૮ કોલેજો તથા BBAની ૧૦ કોલેજોમાં ફી વધારો કરવામાં આવ્યો છે. આ કોલેજોમાં સરેરાશ ૧૫ ટકાથી લઈને ૩૫ ટકા સુધી વધારો કરાયો હોવાનું જાણવા મળે છે. યુનિવર્સિટી દ્વારા શહેર અને ગ્રામ્ય વિસ્તારની કોલેજોમાં અલગ અલગ ફી વધારો કરવામાં આવ્યો છે. કોમર્સની વાત કરીએ તો ગ્રામ્ય વિસ્તારમાં આવેલી ૩ કોમર્સ કોલેજોમાં યુનિવર્સિટી દ્વારા ૨૦ ટકા જેટલો ફી વધારો કરાયો છે. અગાઉ ગ્રામ્ય વિસ્તારની કોમર્સ કોલેજોની ફી રૂ. ૭ હજાર હતી, જેમાં રૂ. ૧૫૦૦નો વધારો કરી રૂ. ૮૫૦૦ ફી નક્કી કરવામાં આવી છે. જ્યારે શહેરી વિસ્તારમાં આવેલી ૧૨ કોમર્સ કોલેજોમાં ૩૫ ટકાનો ફી વધારો કરવામાં આવ્યો છે. શહેરની કોમર્સ કોલેજોની ફી રૂ. ૭ હજાર હતી તેમાં વધારો કરીને રૂ. ૯૫૦૦ ફી નક્કી કરવામાં આવી છે. BCA કોલેજોમાં પણ ૨૦ ટકા જેટલો ફી વધારો કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. BCAની ૮ કોલેજોમાં ૧૮ હજાર જેટલી ફી હતી તેમાં રૂ. ૪ હજારનો વધારો કરી રૂ. ૨૨ હજાર ફી નક્કી કરવામાં આવી છે. જ્યારે BBAની ૧૦ કોલેજોમાં પણ વધારો કરાયો છે. BBAની ગ્રામ્ય વિસ્તારમાં આવેલી ૩ કોલેજોમાં ૧૫ ટકાનો વધારો કરાયો છે. ગ્રામ્યની કોલેજોની ફી રૂ.૧૪ હજાર હતી, જેમાં રૂ.૨ હજારનો વધારો કરી ફી રૂ. ૧૬ હજાર નક્કી કરવામાં આવી છે. જ્યારે શહેરી વિસ્તારની ૭ કોલેજોમાં ૩૦ ટકા જેટલો ફી વધારો કરાયો છે. શહેરી વિસ્તારની કોલેજોમાં રૂ. ૧૪ હજાર ફી હતી, જેમાં વધારો કરીને રૂ. ૧૮ હજાર ફી નક્કી કરવામાં આવી છે.

# અમદાવાદમાં વ્રજધામ હવેલી ખાતે સવા લાખ કેરીનો મનોરથ

### ૨૦ જૂને સાંજે યોજાનારા આમ્ર ઉત્સવમાં વૈષ્ણવો મોટી સંખ્યામાં ઉમટી પડશે

ગાંધીનગર, તા. ૧૧

શહેરનાં સેટેલાઈટ વિસ્તારમાં આવેલી વ્રજધામ હવેલી ખાતે વૈષ્ણવાચાર્ય વ્રજેશકુમારજી મહારાજ અને વૈષ્ણવાચાર્ય યદુનાથજી મહોદયની નિશ્રામાં તા.૨૦મી જૂને જ્યેષ્ઠાભિષેક સવારે ૬.૦૦ વાગ્યે અને સાંજે ૭.૦૦ વાગ્યે આમ્ર ઉત્સવ યોજાશે. જે અંતર્ગત યમુનાજીના ભાવથી સવા લાખ કેરીનો મનોરથ થશે. આ પ્રસંગે વૈષ્ણવો મોટી સંખ્યામાં પધારશે. આ અભિષેક અને કેરી મનોરથ અંગે વૈષ્ણવાચાર્ય યદુનાથજી મહોદયે જણાવ્યું કે આ દિવસે જ્યેષ્ઠ નક્ષત્ર અંતર્ગત ભગવાનને જે અભિષેક થાય છે, તેને જ્યેષ્ઠાભિષેક કહેવામાં આવે છે. અભિષેક અંગે કહેવામાં આવે છે કે વ્રજલીલાની અંદર ગોપીજનો પ્રભુજીને યમુનાજીમાં લઈને ગયા અને પૂછ્યું કે આપ કોણ છો/ ત્યારે પ્રભુએ કહ્યું કે હું તો વ્રજનો રાજા છું. પ્રભુનો જવાબ સાંભળી ગોપીઓએ ફરીથી પૂછ્યું કે આપ વ્રજના રાજા છો પરંતુ આપનો રાજ્યાભિષેક થયો નથી, તો અમે આપનો રાજ્યાભિષેક કરીએ છીએ અને યમુનાજીનો જળ લઈને પ્રભુની ઉપર અભિષેક કરે છે. મુખ્ય શ્રુતિ અને ઋષિરૂપા ગોપીજનો હતા. તેમણે કહ્યું કે રામાવતારની અંદર ભગવાન રામચંદ્ર દંડકારણ્યમાં પધાર્યા ત્યાં તપસ્યા કરી રહેલાં ઋષિઓનાં મનમાં ભગવાન રામ માટે સ્વામી ભાવ જાગ્યો ત્યારે ભગવાન રામચંદ્રએ આજ્ઞા કરી કે કૃષ્ણાવતારમાં તમે જ વ્રજમાં ગોપીરૂપે અવતાર લેશો અને તમારો મનોરથ પુરો થશે. ઋષિઓની જેમ જ વેદના મંત્રો-ઋચાઓનું પણ ગોપીરૂપે વ્રજમાં પ્રાગટ્ય થયું. મંત્રો-ઋચાઓને શ્રુતિરૂપા ગોપીજન કહે છે અને જે ઋષિરૂપે પ્રગટ્યા છે, તેઓને ઋષિરૂપા ગોપીજન કહેવાય છે. અભિષેકની સાથે વેદના મંત્રોના ગાનનું મહત્ત્વ સમજાવતાં તેમણે કહ્યું કે, આ ઋષિઓએ અને વેદના મંત્રોએ પ્રભુનો રાજ્યાભિષેક કર્યો છે અને એટલા માટે જ જયારે ઠાકોરજીનો અભિષેક કરવામાં આવે છે ત્યારે વેદના મંત્રોનું ગાન કરવામાં આવે છે.

# આરટીઈમાં પ્રવેશ માટે આવક મર્યાદા દૂર કરવા માગ

ગાંધીનગર, તા. ૧૧

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત ખાનગી પ્રાથમિક સ્કૂલમાં ધોરણ-૧માં ૨૫ ટકા બેઠકો ગરીબ વિદ્યાર્થીઓ માટે અનામત રાખવાની હોય છે. પરંતુ સ્કૂલોમાં ૨૫ ટકા મુજબ પ્રવેશ ફાળવાયો ન હોવાના મુદ્દે દલિત હક રક્ષક મંચ દ્વારા શુક્રવારે અમદાવાદ ડીઈઓ કચેરી ખાતે દેખાવ કરી આવેદનપત્ર આપ્યું હતું. આ ઉપરાંત આરટીઈમાં એસસી, એસટી અને ઓબીસી માટે જે આવકમર્યાદા લાગુ કરવામાં આવી છે તે દૂર કરવામાં આવે, એ મુદ્દો પણ એક આવેદનપત્રમાં સમાવવામાં આવ્યો હતો.

દલિત હક રક્ષક મંચ દ્વારા રાઈટ ટુ એજ્યુકેશન એક્ટના વિવિધ મુદ્દાઓને લઈને શુક્રવારે અમદાવાદ ડીઈઓ કચેરી ખાતે દેખાવો યોજ્યા હતા. ત્યારબાદ ડીઈઓ કચેરીમાં વિવિધ બે મુદ્દાઓને લઈ જુદા-જુદા બે આવેદનપત્રો આપ્યા હતા. આવેદનપત્રો અંગે વિગત આપતા દલિત હક રક્ષક મંચના મહામંત્રી રાજેશ સોલંકીએ જણાવ્યું હતું કે, ૨૦૧૩ની રાઈટ ટુ એજ્યુકેશન એક્ટની જોગવાઈ પ્રમાણે તમામ સ્કૂલોએ ડીઈઓને પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયાના ૧૦ દિવસ પછી ૨૫ ટકા મુજબ બેઠકોની વિગતો મોકલવાની હોય છે. પરંતુ હજુ સુધી આ વિગતો ડીઈઓ પાસે આવી છે કે કેમ તે અંગે કોઈને જાણ નથી. જેથી એક સપ્તાહમાં માહિતી પુરી પાડવા ડીઈઓને અલ્ટિમેટમ અપાયું છે. આ ઉપરાંત રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત આવક મર્યાદાને લઈને પણ આવેદનપત્ર આપ્યું હતું. જેમાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટમાં ૨૫ ટકા બેઠકો માટે એસસી અને એસટી માટે વાર્ષિક રૂ. ૨ લાખ અને ઓબીસી માટે વાર્ષિક રૂ. ૧ લાખની આવક મર્યાદા નક્કી કરવામાં આવી છે તે યોગ્ય નથી. જેથી આ આવક મર્યાદા દૂર કરવામાં આવે તેવી માગ પણ કરવામાં આવી હતી.

# તુમ્હેં દેખતી હું તો લગતા હૈ ઐસે, જૈસે યુગોં સે તુમ્હેં જાનતી હું

## સૌરાષ્ટ્ર-કચ્છ સમાજસેવા દ્વારા આયોજિત પ્યાસી કોયલ લતા મંગેશકરનાં ગીતો સાથે લક્ષ્મીકાન્ત-પ્યારેલાલના સંગીતબદ્ધ અને શર્મિલા ટાગોર પર ફિલ્માવેલાં ગીતોની ધૂમ રહી : શ્યામ ગઢવી, નિરવ ઠક્કર અને સંદીપ ક્રિશ્ચિયનના સંગમની સંગીત મહેફિલમાં વાદ્યકારોનો દબદબો રહ્યો




હિન્દી ફિલ્મી દુનિયાના ગોલ્ડન ઍરાના ગીતો સાથે થોડાઘણા યુવાનોને પણ રંગતમાં લાવે એવાં ગીતોનો એક સુંદર કાર્યક્રમ સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટ દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો. 'તુમ્હેં દેખતી હું' એવા ટાઈટલ હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં એક અનોખો યોગાનુયોગ જોવા મળ્યો કે લક્ષ્મીકાન્ત-પ્યારેલાલના સંગીતબદ્ધ કરેલાં ગીતો વધુ હતાં તો શર્મિલા ટાગોર પર ફિલ્માવેલાં ગીતોની બોલબાલા રહી.

'છુ કર મેરે મન કો...' યારાના ફિલ્મના ગીતથી શરૂઆત થઈ તો 'નઝર ના લગ જાયે...' ગીત સાથે રફીનો કંઠ આવ્યો. કમલ હસન-રતિ અગ્નિહોત્રીની પ્રથમ ફિલ્મ 'એક દુજે કે લિયે'ના ગીત 'મૈં પ્યાર તેરી ફિલ્મના વાસુ-સપના અને પ્રેમમાં થતી આત્મહત્યાનો આખો અધ્યાય સૌને યાદ આવ્યો.

સરસ મજાના કાર્યક્રમની સ્વાગતની જવાબદારી જયશ્રી ખેતીયા દ્વારા સંભાળવામાં આવી જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ગરમીમાં મફત મિનરલ વૉટરની જે સેવા પૂરી પાડે છે એની વિગત સાથે પ્રમુખ જીલુભા ધાધલે એન પી પટેલ, કેતન ધોળુ, પ્રદીપ ગગલાણી... સાથે લગભગ સવાસો લોકોનાં નામોનો ઉલ્લેખ કાગળમાં જોયા વગર અને અટક્યા વગર કરીને રેપ સિંગર યો યો હની સિંગની યાદ અપાવી... કાર્યક્રમનાં સૌ કલાકારોનું કુમકુમ તિલક અને મોં મીઠું કરાવીને સ્વાગત કરાયું, જે સૌરાષ્ટ્રના આતિથ્ય સત્કારની નિશાની સમાન બન્યું...

સે કદમ...' પછી કૈલાશ ખેરે ગાયેલું મીરાંબાઈનું ગીત 'પ્રિત કી લત મોહે ઐસી લગી....' ગીતમાં ગાયક સાથે રિધમિસ્ટ-તબલાં-ડ્રમ વાદકે ધમાલ કરાવી દીધી...

આ કાર્યક્રમ ગાયત્રી રાવલના સાંનિધ્યમાં યોજાયો હતો, જેમની બે દીકરીઓએ સુંદર મજાના બ્લૅક ડ્રેસીંગ સાથે 'પારસમણી' ફિલ્મનું ગીત 'હસતા હુઆ નુરાની ચહેરા...' વર્ષની હતી અને એમણે કમલ બારોટની યાદ અપાવી. આ ગીતને વન્સમૉરની દાદ મળતાં ફરી એક અંતરો ગાઈને સૌનાં દિલ જીતી લીધાં.

કામચોર ફિલ્મના ગીત 'તુજ સંગ પ્રીત લગાઈ સજના...', હસીના માન જાયેગીના 'બેખુદી મેં સનમ...', આર ડી બર્મનનું યાદગાર ગીત 'રીમઝીમ ગીરે સાવન...' સાથે મહેફિલ રંગ જમાવતી ગઈ...

'મેરે દિલ મેં આજ ક્યા હૈ, તુ કહે તો મૈં બતા દૂં...' કિશોરનું ગીત અને ત્યારબાદ કાર્યક્રમનું ટાઈટલ ગીત 'તુમ્હેં દેખતી હું તો લગતા હૈ ઐસે....' શ્રોતાઓને નશીલા ઘૂંટડા પીવડાવતું રહ્યું...



શાનના અવાજ સાથે ફના ફિલ્મનું 'ચાંદ સિફારીશ તો કરતા તુમ્હારી...' સંગીતના અદ્ભૂત સમન્વય સાથે તો એના પછી જ્વૅલથીફનું 'હોઠોં પે ઐસી બાત...' માત્ર અને માત્ર સંગીતને જ સો ટકા માર્ક્સ જેવું સુપરડુપર રહ્યું... કરાઓકે પર ગવાયેલું ગીત 'લગન લગન લગ ગઈ રે...'નો ગાયક એટલે નિરવ ઠક્કર, આ કલાકારે શાન, સોનુ નિગમ, સુરેશ વાડકર, કૈલાશ ખેર, મહંમદ રફી... કેટકેટલા કલાકારોના અવાજને સાકાર કર્યો!

અમાનુષ ફિલ્મના ટાઈટલ ગીતની રજૂઆતથી કરનાર શ્યામ ગઢવી શા માટે આજે પણ ઑરકેસ્ટ્રામાં વૉઈસ ઑફ કિશોરની પ્રથમ પસંદ કહેવાય છે ? એ શ્રોતાઓને સમજાઈ ગયું.

'ઝમીન જલ ચુકી, આસમાન બાકી હૈ, સુખે કૂએ તુમ્હારા ઈમ્તેહાન બાકી હૈ, બરસ જાના ઈસ બાર વક્ત પે એ મેઘા, કિસી કા મકાન ગિરવી હૈ, કિસી કા લગાન બાકી હૈ...' જેવા અનેક ચોટદાર શેર અને શાયરીઓ સાથે કાર્યક્રમનું સંચાલન કરનાર મોહસીન સેખે 'તારોં મેં સજકે...' ગીત રજૂ કર્યું, જે લોકોએ તાળીઓના ગડગડાટ સાથે વન્સમૉરથી વધાવ્યું. આ ગીતના ઓરિજીનલ રૅકોર્ડિંગ વખતે હાઈએસ્ટ વાયોલિન વાદકોનો ઉપયોગ થયો હતો. આ ગીત હિન્દીફિલ્મી સંગીતની પ્રથમ સ્ટીરિયોફોનિક ગીત રેકોર્ડિંગનું શ્રેય પણ ધરાવે છે... વન્સમૉરના છેલ્લા અંતરાને ગાયા બાદ શ્રોતાઓએ કોરસમાં માત્ર ફિમેલ છે, મેઈલ વૉઈસ નથી જેવી ઉદ્ઘોષકની ભૂલ પણ સુધારી હતી.

'વાદા તેરા વાદા...' દુશ્મની ફિલ્મની આ કવ્વાલી પછી શાસ્ત્રીય સંગીતનું અદ્ભૂત ગીત 'કોહીનૂર'નું 'મધુબન મેં રાધિકા નાચે રે...' ગાયક અને તબલાંવાદક પાર્થ ત્રિપાઠીની જુગલબંદીથી રાગ હમીર પર આધારીત આ ગીત જમાવટ કરી ગયું. 'પલ પલ દિલ કે પાસ...', 'ઝીંદગી કા સફર હૈ યે કૈસા સફર...' અને 'મેઘા રે મેઘા રે...' બધાં જ ગીતો માણવા જેવાં રહ્યાં...

અગ્નિપથનું સોનુ નિગમનું ગીત 'મર જાઉં યા જીલું જરા...' અને ચક દે ઈન્ડિયા ફિલ્મનું 'તીજા તેરા રંગ થા મૈં તો' યંગસ્ટર્સની તાળીઓ મેળવી ગયું... પપીતા ફિલ્મનું 'દિલ મેં તુજે બીઠા કે કર લૂંગી મૈં બંદ આંખે...' અને પરિચયનું 'મુસાફિર હું યારોં...' ગીતોની સુંદર રજૂઆત બાદ હાલમાં જ ગુજરાતી ફિલ્મોના જે બે દિગ્ગજ કલાકારો દિવાળીબેન ભીલ અને પી ખરસાણીને યાદ કરીને બે ગુજરાતી ગીતો 'મોર બની થનગાટ કરે...' અને 'મારે ટોડલે બેઠો રે મોર કાં બોલે...' રજૂ કરી સાચ્ચે જ દિલથી શ્રદ્ધા સુમન અર્પણ કર્યાં....

આ કાર્યક્રમની મુખ્ય ગાયિકા ગાયત્રી રાવલને બાદ કરતાં બધાએ જ રંગ જમાવી રાખ્યો, 'ટીમ જીતી ગઈ પણ કૅપ્ટન હારી ગયો' જેવો ઘાટ રહ્યો... બાકી ગીતોની પસંદગી અને સંગીત માણવાલાયક રહ્યું...


## વાચકોને આમંત્રણ

### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

જૂન માસનો વિષય છે :

## 'મારા પ્રેમાળ પાડોશી'

વાચક ઈચ્છે તો પોતાનો અને પોતાના પાડોશીનો ફોટો લખાણ સાથે મોકલાવી શકે છે